## વડીલોને વંદન અભિનંદન



હેમેન્દ્ર અ. ભટ્ટ
(૧૯૫૨) ફોન : ૨૩૨૩૦૧૩૫



પુષ્પાબેન ચંદુલાલ પટેલ
(૧૯૪૩) ફોન : ૨૩૨૪૫૭૫૯

# યુવાનની થયેલી હત્યા પાછળ પ્રેમ પ્રકરણ હોવાનું ખુલ્યુ

## એલ.સી.બી.એ બન્ને હત્યારા ભાઈઓની ધરપકડ કરી લીધી : આરોપીને રીસાયેલી પત્નિ સાથે આ યુવક પ્રેમમાં હોવાનું ધ્યાને આવતા ખંજર મારીને મોતને ઘાટ ઉતાર્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ લક્ષ્મી બેકરી સામે બગીચા પાસે ખુલ્લેઆમ ખંજર લઈને આવેલા બે સગા ભાઈઓએ એક યુવાનની ખંજરના ઘા ઝીંકીને હત્યા કરી નાંખી હતી. ગઈકાલે બનેલા આ બનાવ બાદ રાત્રે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે બન્ને હત્યારા ભાઈઓની ધરપકડ કરી લીધી છે. પ્રાથમીક તપાસમાં પ્રકાશ રાવળની રીસાયેલી પત્નિ સાથે મહેન્દ્ર રાવળનો પ્રેમ સંબંધ હોવાનું બહાર આવ્યું છે. મિત્ર બનીને ઘર સુધી પહોંચેલો મહેન્દ્ર રાવળ મિત્રની ગેરહાજરીમાં પણ ઘરે જવા લાગ્યો હોવાનું તેના ધ્યાને આવતા હત્યા કરી નાંખી હોવાનું જાણવા મળ્યું છે.

સે. ૨૧ ખાતેની લક્ષ્મી બેકરી સામે આવેલા બગીચા પાસે ગઈકાલે બપોરે રાંધેજાના જુના રાવળ વાસમાં રહેતા સુનિલ ચંદુભાઈ રાવળ અને પ્રકાશ ઉર્ફે પકો ચંદુભાઈ રાવળ બન્ને સગા ભાઈઓએ મળીને ખંજરના ઘા મારીને ધોળાકૂવાના ૩૫ વર્ષિય યુવાન મહેન્દ્ર ગોકુળભાઈ રાવળની કરપીણ હત્યા કરી નાંખી હતી. આ પ્રકરણમાં બન્ને આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. હત્યા પાછળ પ્રેમપ્રકરણ કારણભુત હોવાનું ખુલ્યુ છે.

પ્રકાશના તેની પત્નિ સાથે અત્યારે રિસામણા ચાલી રહ્યા છે. તેની વિરૂદ્ધ પત્નિએ શારીરિક-માનસિક ત્રાસની ફરીયાદ પણ નોંધાઈ હોવાનું જાણવા મળ્યું છે. પ્રકાશ અને તેની પત્નિ વચ્ચે ઉભી થયેલી દિવાલ પાછળ ધોળાકુવાનો મહેન્દ્ર જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે. મિત્ર બનીને મહેન્દ્ર તેના ઘર સુધી પહોંચ્યો હતો અને ત્યારબાદ પ્રકાસ ઘરે ન હોય ત્યારે પણ તે પ્રકાશની પત્નિને મળવા જતો હોવાની તેના ધ્યાને આવ્યું હતું. જેને પગલે અગાઉ પણ અવારનવાર માથાકુટ થઈ ચુકેલી છે. જયારે ગઈકાલે સવારે મોબાઈલ પર ફોન કરીનો ગાળાગાળી કરી હતી. પ્રકાશે તેને ફરીને કહ્યુ હતુ કે કેમ મારી પત્નિને મળે છે ? ત્યારે મહેન્દ્રએ જવાબ આપ્યો હતો કે તુ સાચવતો નથી એટલે મારી પાસે આવી છે. આટલુ સાંભળતા જ પ્રકાશ અને તેનો ભાઈ ખંજર લઈને સે. ૨૧માં પહોંચી ગયા હતા અને મહેન્દ્ર દેખાતા જ તેનું ઢીમ ઢાળી દીધુ હતુ. એલ.સી.બી.એ. બન્નેની ધરપકડ કરીને સે. ૨૧ પોલીસને સોંપ્યા છે તેમની ઉંડી પુછપરછ ચાલી રહી છે.

# ડીસા રણુંજાના યાત્રિકોને વિના મૂલ્યે લીંબુ સોડા પીવડાવતો અનોખો સેવક




ડીસા, તા. ૨૬

રણુજા રામદેવપીરના દર્શનાર્થે પગપાળા જતાં યાત્રાળુઓ માટે ધર્મપ્રેમી નાગરિકો યાત્રિકોની સેવા માટે કેમ્પનું આયોજન કરે છે. જેમાં સેવાભાવી નાગરિકો પોતાની શક્તિ મુજબ સેવાકીય પ્રવૃત્તિ કરી ધન્યતા અનુભવે છે. ત્યારે ડીસા શહેરના નવા વાસ વિસ્તારમાં રહેતા અને લીંબુ સોડાની લારી ચલાવતા મણીલાલ ઠાકોર રણુજા પગપાળા જતાં યાત્રિકોને લીંબુ સોડા અને શરબત વિના મૂલ્યે પીવડાવી માનવતાની મહેક પ્રસરાવી છે.

ડીસાના નવા વાસ વિસ્તારમાં રહેતા મણીલાલ ઠાકોર ૨૦ વર્ષથી શ્રી બહુચર સોડા સેન્ટરના નામે સોડાની લારી ચલાવે છે. તેઓ જ્યાં લારી ઉભી રાખે છે ત્યાંથી પસાર થતાં રણુજાના યાત્રિકોને પ્રેમથી બોલાવીને બેસાડી મણીલાલ સોડા અને લીંબુ શરબત પીવડાવે છે. આ સેવાકીય કાર્ય તેમની સાથે ભરતજી ઠાકોર, હિતેન્દ્ર મોદી અને ગોપીબેન પણ જોડાય છે. અત્યારે હાલ રોજના ૨૦૦ થી વધુ પદયાત્રિકો લાભ લેતા હોવાનું મણીલાલે જણાવ્યુ હતુ. તેમજ તેઓ ભાદરવી પૂનમે અંબાજી ચાલતા જતાં પગપાળા યાત્રાળુઓને પણ શરબત અને લીંબુ સોડા પીવડાવી ધન્યતા અનુભવે છે.

## આજે આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે ભાવનાબેન ગોકલાણીના સ્વરે આનંદનો ગરબો યોજાશે. રાંધેજા ગામની ઉગમણી ભાગોળે આવેલા નાયકવાસ દવેની ખડકી પાસે પુષ્પાબેન કનૈયાલાલ દવેના નિવાસે આવતી કાલે ૨૯મી ઓગષ્ટ ૨૦૧૩ને ગુરુવારે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.


## સે. ૬/એમાં કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ યોજાશે

ગાંધીનગરના સેકટર-૬/એ અંબાજી મંદિર ખાતે જન્માષ્ટમીના દિવસે તા. ૨૮મી ઓગસ્ટના રાત્રે ૯.૩૦ કલાકથી કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ઉજવાશે. ભજનો, રાસગરબાની રમઝટ બોલાવાશે. ભાવનાબેન જોશી ભજનીક ગોપી મહિલા મંડળ રાસ ગરબા ગવડાવશે.

## ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગરના સેકટર-૨બી, ખાતે આવેલા શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે ભગવાનશ્રી કૃષ્ણના જન્મ નિમિત્તે મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું છે.

જલારામ નવરાત્રી ચોક, સેકટર-૨બી, ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે ભાગવતકથાનું રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્ર તેમજ રાધેશ્યામ મહારાજ રસપાન કરાવી રહ્યા છે. કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે વસાહત મંડળ અને ભકતજનો દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે.



## રણાવાડા (જાગીર) પ્રાથમિક શાળાના ઓરડા જર્જરીત હાલતમાં

કાંકરેજ તાલુકાના રાણાવાડા (જાગીર) ગામે આવેલ પ્રાથમિક શાળાના ઓરડા જર્જરીત થઈ ગયા છે. આ અંગે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં તંત્રની ઉદાસીનતાના કારણે આ ઓરડાનું સમારકામ શક્ય બન્યું નથી. છતાં પણ વિદ્યાર્થીઓ ભયના ઓથાર હેઠળ શાળામાં શિક્ષણ મેળવી રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ તંત્ર જલ્દી ઓરડાનું સમારકામ કરાવે તેવું ઈચ્છી રહ્યા છે. રાણાવાડા (જાગીર) પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ માં અંદાજીત ૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના બે ઓરડાની હાલત છેલ્લા કેટલાય સમયથી કથળી ગઈ છે. ચોમાસાની ઋતુ અને શિયાળાની ઋતુમાં પણ વિદ્યાર્થીઓને ઓરડાની જર્જરીત હાલતને પગલે બહાર બેસીને અભ્યાસ કરવો પડે છે. જેથી તંત્ર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ ઘટતી કાર્યવાહી કરે તેવું વિદ્યાર્થીઓના વાલીઓની લાગણી અને માંગણી છે. (તસવીર : આશારામ રાવલ, કાંકરેજ)

# મહેસાણા એલ.સી.બી. પોલીસે ૬૦ લાખની મત્તા સાથે ૨૬ જુગારીઓ ઝડપી પાડ્યા

ઊંઝા, તા. ૨૭

ઊંઝા શહેર અને તાલુકાના કહોડા ગામે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે જુગાર અંગે પાંચ જગ્યાએ દરોડાઓ પાડીને ૨૬ જુગારીઓને ઝડપી લઈ સ્થળ પરથી ૧.૫૨ લાખની રોકડ રકમ, ચાર બાઈક, ૧૪ મોબાઈલ ફોન તેમજ જુગારના સાધનો મળીને કુલ ૨.૬૦ લાખની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વિગત એવી છે કે, ઊંઝા શહેરમાં માલગોડાઉન વિસ્તારમાં આવેલ હરીઓમ ફેકટરીની ઓફીસના ઉપરના ભાગે પટેલ પ્રવિણભાઈ મણીલાલ પોતાના આંગત ફાયદા સારૂ બહારથી માણસો ભેગા કરી પૈસા પાનાથી તિનપત્તિનો હારજીતનો જુગાર રમતા રમાડતાં હોવાની મહેસાણા એલ.સી.બી. પોલીસને બાતમી મળતાં એલ.સી.બી. પોલીસે મોડી સાંજે ઉપરોક્ત સ્થળે દરોડો પાડ્યો હતો. જેમાં જુગાર રમતાં ૯ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે આ જગ્યાએથી ૧,૨૩,૬૪૦ની રોકડ રકમ, આઠ મોબાઈલ ફોન, ચાર મોટર સાયકલ તથા જુગારના સાધનો મળી કુલ ૧,૯૦,૬૪૦નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ ૪, ૫ મુજબ ઉંઝા પોલીસમથકે ગુનો નોંધાવતા સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી છે.

જ્યારે ઊંઝા તાલુકાના કહોડા ગામે સધી લેમન વર્કસ નામની દુકાન આગળ લાઈટના અજવાળે ગંજીપાનાનો જુગાર રમતા સાત ઈસમોને સ્થાનિક પોલીસે પકડી પાડી ૨૮,૫૬૦ની રોકડ રકમ, ૬ મોબાઈલ ફોન તેમજ જુગારના સાધનો મળી કુલ રૂ. ૬૫,૫૬૦નો મુદ્દામાલ કબજે કરી જુગારધારાની કલમ ૧૨ મનુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી.


આ ઉપરાંત ઊંઝા ખાતે વિસનગર રોડ પર રેલવે ફાટકની બાજુમાં, અં.શી. સ્કૂલના કમ્પાઉન્ડમાં તેમજ ગુરૂદેવ મસાલાની ફેક્ટરીના ખાંચામાં જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સોને પકડી પાડી ૪૩૪૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા અન્વયે કાયદેસરની કાર્યવાહી કરી છે.

## બ્રહ્મસમાજ ૩૧મીએ લોક ડાયરો યોજશે

ગાંધીનગર, તા. ૨૭

સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર દ્વારા સોમનાથ મહાદેવ મંદિરના લાભાર્થે તા. ૩૧ ઓગષ્ટના રોજ સાંજે ૮.૦૦ કલાકે સેક્ટર-૧૬ શ્રી સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં ભવ્ય લોક ડાયરો એક શામ શિવ કે નામ નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સમાજના પ્રમુખ પીનાકીન રાવલે જણાવ્યું હતું કે, પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે યોજાનારા ડાયરામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતી પામેલા અને ગુજરાતના સુપ્રસિદ્ધ ભજનીક ભાવનાબેન લાંબડીયા, સંગીતા લાંબડીયા, બ્રિજરાજ લાંબડીયા તેમજ સાંજીદાઓ દ્વારા શિવજીના ભજનોની રમઝટ બોલાવવામાં આવશે. આ ડાયરામાં ઉપસ્થિત રહેવા સમસ્ત બ્રહ્મસમાજના બ્રહ્મબંધુઓ તેમજ ધર્મપ્રેમી જનતાને કેતન વ્યાસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૧૬૦




### આડી ચાવી

૧. સલામ કરવી, ... આપવી (૩)
૩. સાવધાની, સતર્કતા (૪)
૫. આગ (૨)
૬. યાત્રા (૩)
૭. ઈરાદો (૪)
૯. રાક્ષસ (૩)
૧૧. ... ને ચંચળ (માંકડુ) કહેવાય (૨)
૧૨. ... કૂતરા કરડે નહિ (૨)
૧૪. અવાજ, શહેર (૨)
૧૫. આજ્ઞા (૨)
૧૬. આકાશમાંથી થતો ગેબી અવાજ (૫)
૧૭. પપ્પાના નાનાભાઈ (૨)
૧૮. બીજીવાર (૨)
૧૯. ઈમાનદારી (૪)
૨૦. મ્યુઝીક, ગીત... (૩)

### ઊભી ચાવી

૧. સુરક્ષિતતા (૪)
૨. યોગ્ય (૩)
૩. ચોખ્ખુ (૨)
૪. દેવી-દેવતા તરફથી મળતા આશીર્વાદ (૪)
૬. મહેલ, મકાન (૪)
૮. પ્રશ્ન, કોયડો (૩)
૧૦. વગોવવું તે (૪)
૧૨. આભાસ (અવાજનો) (૪)
૧૩. પારધી (૩)
૧૪. રવાના કરવું તે (૪)
૧૫. નભ (૩)
૧૬. મુશ્કેલી (૩)

### શબ્દાવલી ૫૧૫૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સમાધાન (૩) આફત (૫) વાદ (૬) રગ (૮) કરમદા (૯) કાપ (૧૦) રતાક (૧૧) મસકો (૧૩) દમક (૧૬) પપકોર્ન (૧૯) ફર્જ (૨૧) રેલમછેલ (૨૩) તરલ (૨૪) કદર

**ઊભી ચાવી :-** (૧) સમારકામ (૨) ધાન (૩) આદમકદ (૪) તજ (૫) વારતા (૭) ગપસપ (૮) કર (૧૨) કોપરેલ (૧૪) મફલર (૧૫) કર્જ (૧૭) કોલ (૧૮) નમક (૨૦) માત (૨૨) છેદ

## તળાવ વિકાસની યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

**વિકસાવવાની યોજના હાલ પુરતી પડતી મુકવામાં આવી છે.**

**શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડાના ટી.પી. વિસ્તારમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. ટી.પી. વિસ્તારમાં પાણી, ગટર અને રસ્તા સહીતના માળખાગત સુવિધાના કામો ઉપરાંત હાલ આવાસ યોજનાનું કામ પણ ચાલી રહ્યુ છે. આગામી દાયકાઓને ધ્યાને લઈ વિકાસની કાર્યયોજના નિયત કરવામાં આવી છે ત્યારે આગામી દિવસોમાં લાયબ્રેરી તેમજ વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવવા પણ આયોજન કરી દેવાયું છે. જ્યારે વિકાસના નવતર કામો સાથે ગ્રીનસીટી અને ક્લીનસીટીના કન્સેપ્ટને પણ વેગ આપવા નમુનારૂપ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તેમજ બગીચા નિર્માણની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત વિકસિત ટી.પી. વિસ્તારનું આકર્ષણ વધારવા વાવોલ અને સરગાસણમાં તળાવ વિકાસનું કામ હાથ ધરાયું છે. આ તબક્કે ગુડા દ્વારા શેરથા અને ચિલોડામાં પણ તળાવને પિકનીક સ્પોટ સમાન બનાવવાની કાર્યયોજના વિકસાવવામાં આવી હતી પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ હાલ યોજના પડતી મુકવામાં આવી છે.**

## કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજવામાં આવશે. લોહાણા યુવા સંગઠન દ્વારા પણ સે-૨૯ જલારામ ધામ ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. મંદિર પરિસરમાં રાત્રિના ૮.૩૦ કલાકે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે રાત્રિના ૧૧.૩૦ કલાકે મટકી ફોડ તેમજ ૧૨-૦૦ વાગે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે તેમ યુવા સંગઠનના વિનોદ ઉદેચાએ જણાવ્યું છે.

આ ઉપરાંત સે-૧૭ હનુમાન મંદિર સહીત શહેરના વિવિધ મંદિરોમાં પણ કૃષ્ણ જનમોત્સવની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. સે-૨૪ શિવમ ધાર્મિક સેવા ટ્રસ્ટ દ્વારા રાત્રિના ૮ કલાકે ભજન રાસ-ગરબા તેમજ મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. સે-૬ ચંદ્રમૌલેશ્વર મંદિરમાં પણ ભજન કીર્તન તેમજ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે.

સવારે ૯ કલાકે નંદોત્સવની ઉજવણી કરાશે. સે-૨૩ જી-૧ ટાઈપ વસાહત મંડળ દ્વારા વરદાયિની ચોકમાં રાત્રિના ૯-૦૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવ અન્વયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ ઉપરાંત રોટરી કલબ તેમજ ઈન્ફોસિટિ કલબ દ્વારા પણ સવારે મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવશે. સ્વામિનારાયણ મંદિરમાં પણ જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૩માં પણ રાસ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

## જુગાર મંડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તોડ'બાજી' ઉડીને આંખે વળગે તેવી થઈ ગઈ છે. ગાંધીનગરમાં લાખ્ખો રૂપિયાની બાજી મંડાતી હોય તેવા 'મોટા બોર્ડ' પણ કાર્યરત થઈ ગયા છે. જો કે રહેમનજર હેઠળ ચાલુ થયેલા આ તમામ બોર્ડ મોટા ગજાના બિલ્ડર્સ, નેતાઓ, રાજકીય આગેવાનો, ઉચ્ચ અધિકારીઓ, મોટા વેપારીઓ અને તેમના નબીરા દિકરાઓ તેમના પોત-પોતાના ગ્રુપ સાથે બેસે છે. ગાંધીનગરમાં સાતમ-આઠમે જ અંદાજે ૫૦ કરોડથી વધુ રૂપિયા જુગારમાં હાર-જીત થશે. જો કે નાના-નાના જુગારના કેશ કરીને કામગીરીના આંકડા પુરા કરતી પોલીસ આવા મોટા બોર્ડમાં ફરકે છે કે નહીં તે જોવું રહ્યું...!

# શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના રસ્તાના રિપેરીંગ માટે એક કરોડ ફળવાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઉત્તર મત વિસ્તારમાં આવતા ગાંધીનગર શહેરની બાજુના ગામો ઈન્દ્રોડા, ધોળાકૂવા, બોરીજ, પાલજ, બાસણ ગામમાં ગટર કામના કારણે તુટેલા રસ્તા ઉપર સી.સી. રોડ બનાવવા માટેની માંગણીના કારણે આજરોજ મહેસુલ મંત્રીએ રૂપિયા એક કરોડ મંજુર કરાતા ગામોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

ગાંધીનગર ટાઉનશીપના ગામોમાં ગટરકામના કામોને કારણે ગામના આંતરિક રસ્તા જે સીસી રોડ હતા તે ગટરના કામના કારણે રોડ તુટી ગયા હતા. તેના કારણે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ રણછોડભાઈ પટેલ દ્વારા રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલને કરાયેલી રજૂઆતને ધ્યાને લઈ સી.સી. રોડ જેની લંબાઈ ૧૫૦ મી.મી. થવા જાય છે. જેના માટે ૧૦૦ લાખ જેટલી માતબર રકમ ધારાસભ્ય તેમજ ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાના અથાગ પ્રયત્નોથી ગામ લોકો માટે મંજુર કરવામાં આવી છે.

# વોન્ટેડ બુટલેગરે ચેકીંગ પર ઉભેલા પી.એસ.આઈ. પર ગાડી ચડાવી દીધી

ઊંઝા, તા.૨૭

મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોએ નોંધાયેલ દારૂબંધીના ગુનાઓમાં સંડોવાયેલ અને નાસતા ફરતા આરોપીની મોટરકારને ઊંઝા હાઈવે પર રોકડવાનો પ્રયત્ન કરનાર પોલીસ સબ ઈન્સ્પેકટરને મારી નાંખવાના ઈરાદે મોટરકારની ટકકર મારી હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોટરકાર હંકારીને ફરાર થઈ ગયો હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

ગઈકાલે સાંજે પો.સ.ઈ. સી.એલ. દેસાઈ હાઈવે પોલીસ ચોકી પાસે ટ્રાફિક અંગેની કામગીરી કરી રહ્યા હતા ત્યારે પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મહેસાણા તાલુકા પોલીસ લાંઘણજ અને સાંતલ પોલીસ મથકોએ સને ૨૦૧૨ અને ૨૦૧૩ની સાલમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી પી.સી. મારવાડી સ્કોર્પિયો મોટર કાર નં. જીજે. ૧ એચ.એસ. ૩૩૫૫ હંકારીને સિધ્ધપુર તરફ જઈ રહ્યો હોવાની હકિકત મળી હતી.

જેથી પોલીસ સ્કોર્પિયો ગાડીની તલાશમાં હતી ત્યારે સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે સ્કોર્પિયો ગાડી ઊંઝા હાઈવે પરથી પસાર થતા પો.સ.ઈ. દેસાઈએ ગાડીને થોભાવવા માટે હાથથી સંકેત આપ્યો હતો તેમ છતાં ગાડી ન થોભતા પો.સી.ઈ.એ ગાડીને અટકાવવા



પ્રયાસ કરતા ગાડીના ચાલક એવા પ્રોહિબિશનના ગુનાઓમાં નાસતા ફરતા બૂટલેગર પી.સી. મરવાડીએ પો.સ.ઈ.ને મારી નાંખવાના ઈરાદે ગાડી તેમની પર નાંખી ટક્કર મારતાં તેમને હાથના ભાગે ફેકચર થયું હતું. ટકકર માર્યા બાદ કથિત બુટલેગર ગાડી હંકારીને સિધ્ધપુર તરફ નાસી છૂટયો હતો.

વાહન લઈને ફરાર થયેલ આરોપીને પકડવા માટે ઊંઝા પોલીસે વાયરલેસ મેસેજ દ્વારા સંદેશો પાઠવતાં પાટણ જિલ્લા પોલીસે શોધખોળ આરંભી હતી. પરંતુ ફરાર આરોપી પોલસને હાથ લાગ્યો ન હતો. ઈજાગ્રસ્ત પો.સી.ઈને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આમ દારૂબંધીના ગુનામાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપી પી.સી. મરવાડીની કારને રોકવાનો પ્રયાસ કરનાર ઊંઝા પો.સી.ઈને ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપી ફરાર થઈ ગયો હોવાની ઘટનાએ જિલ્લાના પોલીસ બેડામાં તેમજ આમ જનતામાં ભારે ચકચાર જાગી છે.

**ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી.**

હે.ઓ. ચંદ્રકાન્ત માલવિયા સ્મૃતિ ભવન, ચોકસી બજાર
જૂનાગઢ, ફોન નં. : ૦૨૮૫-૨૬૨૦૪૯૬

**ચૂંટણી અંગે જાહેરાત**

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી.ના તમામ સભાસદોને આથી જાણ કરવામાં આવે છે કે, ૨૦૧૩-૨૦૧૪માં નિવૃત્ત થતાં બોર્ડ ઓફ ડાયરેકટર્સના સદસ્યશ્રીઓની ખાલી પડેલ જૂનાગઢ મતદાર વિભાગની ચાર જગ્યાઓ પુરવા માટે ચૂંટણી કાર્યક્રમ બેંકની હેડ ઓફીસના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તથા કેશોદ મતદાર વિભાગની એક જગ્યા પુરવા માટે ચૂંટણી કાર્યક્રમ બેંકની કેશોદ શાખાનાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની દરેક સભાસદોએ નોંધ લેવા વિનંતી છે.

જૂનાગઢ — સહી/-
તા. ૨૭/૮/૨૦૧૩ — (એ.વી. ચાવડા)
મુખ્ય અધિકારી

**ટુંકી મુદતની નિવિદા**

**વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬/ની કચેરીમાં રોજબરોજના ઝેરોક્ષનું કામ કરાવવા માટે એક વર્ષનો ઈજારો આપવા માટે ગાંધીનગર ખાતે ઝેરોક્ષ મશીન ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે મુજબના કામના ભાવ મંગાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | નકલ | નકલનો ભાવ |
|---|---|---|---|
| ૧ | સાદી ઝેરોક્ષ કોપી સીંગલ સાઈડ | (૧) એક | |
| ૨. | સાદી ઝેરક્ષ કોપી ડબલ સાઈડ | (૧) એક | |
| ૩. | જમ્બો ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૪. | મલ્ટીકલર ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૫. | સ્પાયરલ હાઈન્ડીંગ કલરીંગ ટાઈટલ પેજ સાથે | (૧) એક બુક ૧૦૦ પેજ (૧) એક બુક ૫૦ પેજ | |
| ૬. | લેમીનેશન | એ-૪ સાઈઝ રોલર પેપર પાઉચ લેમીનેશન | |

ઝેરોક્ષની કામગીરી કચેરીમાંથી દિવસમાં બે વખત મેળવી કચેરીમાં પરત કરવાની રહેશે. ઉપરોક્ત મુજબના ભાવો તા. ૭/૯/૨૦૧૩ સુધીમાં નીચે સહી કરનારને રજી. પો.એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે. સીલબંધ કવર ઉપર ઝેરોક્ષ અંગેના ભાવો તેવું સ્પષ્ટ અક્ષરથી લખવાનું રહેશે. મુદત વિત્યા બાદ આવેલ ભાવો પર ધ્યાન આપવામાં આવશે નહિ. આ ટુંકી મુદતની નિવિદામાં આવેલ ઓફરોમાંથી ગમે તે ઓફર મંજુર કે નામંજુર કરવાની અબાધિત સત્તા નીચે સહી કરનારને રહેશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તા. /૮/૨૦૧૩ — અધિક વિકાસ કમિશનર
માહિતી /૧૦૮૩/૧૩-૧૪ — ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ)**

**નિવિદા નં.- ૩ / સને ૨૦૧૩-૧૪**

**ટેન્ડર આઈ ડી : ૧૨૩૩૦૯**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ)ની પ્રયોગશાળાઓ માટે ઈ ટેન્ડર પદ્ધતિથી "Design, Construction, Testing, Commisiioning and Supply of Mobile Water Testing Laboratories" ખરીદી કરવાની થાય છે. જેની અંદાજીત કિંમત રૂ. ૧૪૮.૩૭ લાખની છે. ટેન્ડર તથા કામને લગતી વિગતવાર વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com પરથી મેળવી શકાશે. ઓન લાઈન ટેન્ડરો તા. ૨૭/૮/૨૦૧૩ ડાઉનલોડ કરી શકાશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૧૮/૯/૨૦૧૩ની છે અને ઓન લાઈન ટેકનીકલ બીડ ખોલવાની તા. ૧૯/૯/૨૦૧૩ની છે. આ કામના ટેન્ડરો નિયામકશ્રી કચેરી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ખોલવામાં આળશે. કામ અંગેની વધારાની વિગતો માટે ઉક્ત કચેરીએથી મળી શકશે. ફોન નં. ૦૭૯૨૩૨૨૩૯૪૧-૪૭

માહિતી/૧૦૮૬/૧૩-૧૪